# જન્મદિને વધામણી



નરેન્દ્રભાઈ એલ મંડિર
સભ્ય, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ



ઓમ કાર્તિક પટેલ
મો. ૯૪૨૮૭ ૩૪૪૪૮



દિપ સંજયભાઈ પટણી
મો. ૯૯૦૯૭ ૧૭૮૨૧

## અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના
# ઍનઍસઍસ યુનિટ દ્વારા થૅલેસેમિયા જાગૃતિ કાર્યક્રમ





ગાંધીનગર, તા. ૧૫

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટ દ્વારા થૅલેસેમિયા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૪૩૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખાના સહયોગથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રેડક્રૉસના જિજ્ઞેશ રાવલ દ્વારા થૅલેસેમિયા વિશે ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી તથા આ અંગેની સચોટ સમજ આપતી એક વિડીયોફિલ્મનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓને વિષયની સમજ સારી રીતે આપી શકાય તે હેતુથી ગાંધીનગર કલ્ચરલ ફૉરમ સંચાલિત સ્કૂલ ઑફ ઍક્ટિંગના તાલીમાર્થીઓ દ્વારા કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક 'સમજદારી એ જ બચાવ'ની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કૉલેજના ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે ઍનઍસઍસ સ્વયંસેવક ઋષિ બાવરવા, યુક્તિ પટેલ, જલ્પા રથવી, કિરણ મોરી, નિરાલી પટેલ, મિત ખોયાણી, કાનજી સણોલ, જયદીપ ચાવડા, મેહુલ સુથાર, નિકિતા પટેલ, બંસી કલ્યાણી, ઉદિત લકુમ, અસ્મિતા પરમાર, હર્ષિલ સાવલીયાએ જહેમત ઉઠાવી હતી. ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખાના સૅક્રેટરી હિતેશભાઈ રાવલ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ આ ઉપયોગી કાર્યક્રમના સફળ આયોજન બદલ ઍનઍસઍસ યુનિટને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# સિસિકા દ્વારા સિદ્ધિપ્રાપ્ત યુવાન અક્ષય પટેલનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૧૫

પેથાપુરના રહેવાસી અક્ષય નારાયણભાઈ પટેલે હિમાલિયન માઉન્ટેનિયરિંગ ઈન્સ્ટીટ્યુટ,



દાર્જિલીંગ, પશ્ચિમ બંગાળ દ્વારા ગત વર્ષે પૂર્ણ કરી ફાલ્ગુન પર્વતની ૧૮૭૦૦ ફૂટની ઊંચાઈ સર કરીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિ બદલ તેમનું સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર દ્વારા વિશિષ્ટ સિદ્ધિ ઍવોર્ડ-૨૦૧૮ અન્વયે સર્ટિફિકેટ અને મૅડલ આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે અક્ષયે આ અગાઉ ગુજરાત સરકારના સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટીટ્યુટ ઑફ માઉન્ટેનિયરિંગ, માઉન્ટ આબુ ખાતેથી ઍડવેન્ચર, બેઝીક રોક ક્લાઈમ્બિંગ, ઍડવાન્સ રૉક ક્લાઈમ્બિંગ, આર્ટીફિશિયલ રૉક ક્લાઈમ્બિંગ અને કોચિંગ કોર્સ, મનાલી, હિમાચલ પ્રદેશ ખાતે હિમાલય ટ્રેકિંગ અને જવાહર ઈન્સ્ટીટ્યુટ ઑફ માઉન્ટેનિયરિંગ એન્ડ વિન્ટર સ્પોર્ટ, પહેલગામ, જમ્મુ-કાશ્મીર દ્વારા સોનમર્ગ, થાજીવાસથી બેઝીક માઉન્ટેનિયરિંગ કોર્સની તાલીમ પણ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. અક્ષય સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટીટ્યુટ ઑફ માઉન્ટેનિયરિંગ, આબુ ખાતે માનદ્ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવાઓ આપે છે.

# એસ. કે. પટેલ સ્કૂલમાં "બલૂન ડે" ઉજવાયો



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. કે. પટેલ સ્કૂલમાં "બલૂન ડે" ઉજવાયો હતો. બાળકો અવનવાં કલર્સનાં બલૂન્સ લઈને આવ્યાં હતાં. બાળકા અને શિક્ષિકાઓએ સાથે મળીને બલૂન્સ ફુલાવ્યાં હતાં. શિક્ષિકાઓએ બાળકોને બલૂન્સ ને લગતી રમતો રમાડી હતી. શિક્ષિકાઓએ બલૂન્સ થી બાળકોને કલર્સ વિશેની જાણકારી પણ આપી હતી. સૌએ સાથે મળીને આ દિવ્સ ખૂબ આનંદપૂર્વક ઉજવ્યો હતો

# એસ. જી. સ્કૂલમાં વડીલો સાથે આદર વિષય પર વક્તવ્ય યોજાયું

ગાંધીનગર, તા. ૧૫

એસ.જી..અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં તા-૧૨-૦૯-૨૦૧૮ને બુધવારના રોજ નાથીબા હોલમાં ધોરણ ૫ થી ૮ ના વિધ્યાર્થીઓ માટે વડીલો સાથે કઈ રીતે વ્યવહાર કરવો તે વિષય પર વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. હેલ્પ પેજ ઈન્ડિયામાથી આવેલા ક્રિષ્ના આનંદ કુનિયાલ સાહેબ ,શાળાના સુપરવાઈઝર સલીના નાયર તેમજ શાળાના ટીચર નમ્રતા મેડમ દ્વારા પી.પી.ટી. પ્રેઝન્ટેશન દ્વારા આ વિષય પર માર્ગ દર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**

# ઈન્ફોસિટી સ્કૂલની વાલીઓ સાથે ચિંતન શિબિર







ગાંધીનગર, તા. ૧૫

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજમાં ધોરણ-૧૨ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓના ૨૦૦ કરતાં વધુ વાલીઓ સાથે શાળાના ઑડિટોરિયમમાં ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આગામી દિવસો માટેના અભ્યાસલક્ષી આયોજન અંગે વિશદ ચર્ચા કરી વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોનું સમાધાન શોધવા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પરીક્ષા બાબતે મૂંઝવણ અનુભવતા વિદ્યાર્થીઓ માટે વાલીઓએ મનોવૈજ્ઞાનિક રીતે કેવો વ્યવહાર કરવો એ વિશે વૈજ્ઞાનિક પદ્ધતિઓ પર ચર્ચા કરવામાં આવી હતી. જેઈઈની પરીક્ષા, સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને તેની તૈયારી માટે શું કરવું તે વિશે આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણીએ માહિતીસભર પ્રવચન આપી વાલીઓના પ્રશ્નોનું સમાધાન કર્યું હતું.

સતત અને સખ્ત મહેનત કરી ધોરણ-૧૨ વિજ્ઞાનના વિદ્યાર્થીઓ જે માનસિક સ્ટ્રેસ અનુભવે છે તે દૂર કરવાના મનોવૈજ્ઞાનિક ઉપચારો અંગે ડિરેક્ટર શૈલેષભાઈ પંડ્યાએ વિશદ્ ચર્ચા કરી હતી.

પોઝીટીવ સૂચનો દ્વારા અને શાળાના શિક્ષકોની મહેનતની પ્રશંસા કરી શાળાના સંચાલકોને વાલીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# હેમચંદ્રાચાર્ય સંસ્કૃત પાઠશાળાને મહર્ષિ વેદવ્યાસ રાષ્ટ્રીય સન્માન



ગાંધીનગર, તા. ૧૫

હેમચંદ્રાચાર્ય સંસ્કૃત પાઠશાળા, સાબરમતી ગુરુકુલમ ૨૫ વર્ષથી ઋષિકાલીન શિક્ષણ પરંપરા મુજબનું શિક્ષણ કાર્ય કરે છે. પ્રાચીન વૈદિક પરંપરા મુજબની ૭૨ અને ૬૪ કળાઓનું શિક્ષણ નિઃશુલ્ક આપવામાં આવે છે. સંસ્થાના તેજસ્વી છાત્ર તુષાર તલાવટને વિશ્વ ગણિત સ્પર્ધામાં વિશ્વ ચૅમ્પિયનશીપ પ્રાપ્ત થઈ છે. ખેલ મહાકુંભ, કલા મહાકુંભ તથા સપ્તક મહોત્સવ જેવા પ્રસંગોમાં વિદ્યાર્થીઓએ સિદ્ધિઓ પ્રાપ્ત કરેલી છે. તાજેતરમાં જ મધ્યપ્રદેશ શાસન, સંસ્કૃતિ વિભાગ દ્વારા શિક્ષાના ક્ષેત્રમાં 'ભારતીય આર્ય પરંપરાને અનુરૂપ મૂલ્ય આધારિત ગુરુકુળ શિક્ષણ પદ્ધતિની પુનઃ સ્થાપના અને ભાવિ પેઢીને સુસંસ્કારી બનાવી, સક્ષમ બનાવવાના અપ્રતિમ યોગદાન માટે મહર્ષિ વેદવ્યાસ રાષ્ટ્રીય સન્માન ૨૦૧૭-૧૮', રૂા. બે લાખ અને પ્રશસ્તિપત્ર ગુરુકુલમ સંસ્થાને પ્રાપ્ત થયેલ છે.

મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણના વરદ હસ્તે સંસ્થાના કુલપતિ ઉત્તમચંદ શાહના પ્રતિનિધિ સંચાલક અખિલ શાહે આ ઍવોર્ડ સ્વીકાર્યો હતો. ગુજરાતની અને અમદાવાદની આન-બાન-શાન આ કારણે વધી છે. ઋષિકાલીન શિક્ષણ પરંપરા માટે આ નવા સૂર્યોદયનાં અજવાળાં છે.

# સાહિત્યકાર મૂલ્યનિષ્ઠ અને સંવેદનશીલ હોય તે જરૂરી છે



ગાંધીનગર, તા. ૧૫

ગુજરાતી-હિન્દીના વરિષ્ટ સાહિત્યકાર ડૉ. ચંદ્રકાન્ત મહેતાનાં ૧૦ પુસ્તકોના વિમોચન પ્રસંગે ઉદ્બોધન કરતાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ ઓ પી કોહલીજીએ જણાવ્યું હતું કે સાહિત્ય સમાજને પ્રેરણા આપે છે. એટલે સાહિત્યકાર મૂલ્યનિષ્ઠ અને સંવેદનશીલ હોય તે જરૂરી છે. ડૉ. મહેતાનાં પુસ્તકો આ આવશ્યકતાને પરિપૂર્ણ કરે છે. પદ્મશ્રી સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈએ અતિથિવિશેષ પદેથી સંબોધન કરતાં જણાવ્યું હતું કે ડૉ. ચંદ્રકાન્ત મહેતાનું જીવન સંઘર્ષો અને પુરુષાર્થનું ઉદાહરણ છે. તેમનું સાહિત્ય પ્રેરક અને માંગલ્યદર્શી છે. આ પ્રસંગે અંગ્રેજીમાં લખાયેલા ઍસ્ટ્રોલૉજીના પુસ્તકમાં લેખક ડૉ. પંકજ નાગરનું પણ સન્માન થયું હતું. અતિથિવિશેષ કૃષ્ણકાન્ત ઉનડકટે ઉમેર્યું હતું કે એક પુસ્તક પ્રકાશિત કરતાં માણસને ખાસ્સી જહેમત ઉઠાવવી પડે છે. ડૉ. મહેતાનાં એકસાથે ૧૦ પુસ્તકોનું પ્રકાશન તેમની ક્ષમતાની શાખ પૂરે છે. આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે ચીફ ઍન્જિનીયર (નૅશનલ હાઈવે) અને ઍડિશનલ સચિવ (રોડ ઍન્ડ બિલ્ડીંગ)ના પી આર પટેલિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના આયોજક ડૉ. ગુણવંતભાઈ પટેલ, કિશોર વછાટ, ડૉ. પંકજભાઈ નાગર, નરેન્દ્ર પટેલ તથા ૧૫૫થી પણ વધુ પુસ્તકોના લેખક ડૉ. મહેતાએ વિશિષ્ટ અતિથિ નરહરિ અમીન, નીતાબેન, નિવૃત્ત જસ્ટિસ ઍસ ઍમ સોની, સીએ આર ઍસ પટેલ અને શ્યામ ટિબ્રેવાલજી સહિત ગણમાન્ય આમંત્રિતોને આવકાર્યા હતા અને પુસ્તકનાં પ્રકાશકો મનુભાઈ શાહ તથા હંમેશ મોદી પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરી હતી.

# ઠંડા દિમાગે મોન્ટ્રિઅલ પ્રોટોકોલના અમલમાં આગેકૂચ કરીએ.....



તમામ જીવસૃષ્ટિનો આપણે આદર કરવો જ જોઈએ. નિઃસ્વાર્થપણે પર્યાવરણને સ્વચ્છ રાખવાનું કાર્ય કરીએ, જેથી તમામ પ્રાણીસૃષ્ટિ તેમજ વન્યસૃષ્ટિ તંદુરસ્ત જીવન જીવી શકે. સૂર્યમાંથી નીકળતા યુવી-અલ્ટ્રાવાયોલેટ કિરણોની વિપરીત અસરથી, પૃથ્વી, તેની સપાટીથી આકાશ તરફ ૧૫થી ૩૫ કિલોમીટરના ઘેરાવમાં આવેલ ઓઝોન પડ થકી ધરતી પરની જીવસૃષ્ટિને સુરક્ષિત રાખે છે. અન્યથા, આ યુવી કિરણોથી આંખોને નુકશાન અને ચામડીનું કેન્સર થઈ શકે છે. આ ઓઝોન વાયુરૂપે છે. આ ઓઝોન પડ, પૃથ્વીની છત્રીની જેમ સનસ્ક્રિનનું કામ કરે છે. ઓઝોન પડ સૂર્યમાંથી ઉદભવતા કેટલાંક ચોક્કસ કિરણોને શોષી લે છે.

પરંતુ, માનવ જાતની કેટલીક પ્રવૃત્તિઓને કારણે, વાતાવરણમાં જુદાજુદા રસાયણો ભળવાથી ઓઝોનનું આવરણ ક્ષીણ થાય છે. ઓઝોનના આ આવરણને ક્ષતિગ્રસ્ત થતું અટકાવવા માટે વિભિન્ન કેટેગરીના ઓળખાયેલ આશરે એક સો રસાયણોનું નિયંત્રણ કરવું આવશ્યક છે. ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૮૭ના રોજ વિશ્વના દેશોએ, ઓઝોનપડને ક્ષીણ કરતા જવાબદાર ગણાતા પદાર્થો ઓડીએસ-ઓઝોન ડિપ્લિટિંગ સબસ્ટન્સિસનું ઉત્પાદન તબક્કાવાર બંધ કરવાનો મોનટ્રિયલ પ્રોટોકોલ તરીકે આંતરરાષ્ટ્રીય કરાર કર્યો છે. જેથી, યુએન- યુનાઈટેડ નેશન્સની વર્ષ ૧૯૯૪માં મળેલ સામાન્ય સભામાં ૧૬મી સપ્ટેમ્બરના દિનને 'ઓઝોનપડ જાળવણી આંતરરાષ્ટ્રીય દિન' તરીકે ઉજવવાની ઘોષણા કરવામાં આવેલ છે. જેને ટૂંકમાં 'વિશ્વ ઓઝોનદિન' પણ કહે છે. ઓઝોન ડિપ્લિટિંગ સબસ્ટન્સિસના વૈશ્વિક કુલ ઉત્પાદન અને વપરાશ પર જુદાજુદા પગલાં લઈને નિયંત્રણ કરી, ઓઝોનપડને બચાવવાનો મોનટ્રિયલ પ્રોટોકોલનો હેતુ છે.

તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૨૦૦૯ના રોજ મોનટ્રિયલ પ્રોટોકોલ સાથોસાથ 'વિએના કન્વેન્શન'ના થયેલ કરારથી યુનાઈટેડ નેશન્સના ઈતિહાસમાં પ્રથમવાર વૈશ્વિક અનુસમર્થન હાંસલ થયું છે. મોનટ્રિયલ પ્રોટોકોલનો કરાર કર્યા પછીથી, ૧૯૭થી વધુ દેશોએ સીએફસી-ક્લોરોફ્લોરોકાર્બન્સના વપરાશ પર પ્રતિબંધ મૂક્યો છે.

વર્ષ ૨૦૧૮ના વિશ્વ ઓઝોનદિનનું થીમ અંગ્રેજીમાં – 'સ્ટે કૂલ એન્ડ કેરિ ઓન' સાથે 'મોન્ટ્રિઅલ પ્રોટોકોલ'ની ટૅગલાઈન પણ આપી છે. આ થીમ અને ટૅગલાઈનને 'ઠંડા દિમાગે મોન્ટ્રિઅલ પ્રોટોકોલના અમલમાં આગેકૂચ કરીએ' એવા વ્યાપક અર્થમાં એક સાથે સમજી શકાય.

ઓઝોનને ક્ષીણ કરતા પદાર્થોના ઉત્પાદન અને વપરાશને તબક્કાવાર બંધ કરવાનું સમયપત્રક આ પ્રોટોકોલ/કરારમાં સામેલ કર્યું છે. વિકસિત અને વિકાસશીલ દેશોમાં મોનટ્રિયલ પ્રોટોકોલના અમલની ઘણી સારી પ્રગતિ થઈ છે.

**કોલ્ડ ચેઇન ટેક્નોલોજી**

ધ ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ રેફ્રિજરેસન તેમજ યુએન એન્વિરોન્મેન્ટ ઓઝોનએક્શન, આ બન્ને સંસ્થાઓએ સાથે મળીને અલગ અલગ કોલ્ડ ચેઈન સેક્ટર્સ સંબંધિત ટેક્નોલોજીનો સેટ તૈયાર કર્યો છે. મત્સ્ય અને ખાદ્ય સેક્ટરોમાં અપનાવેલ વર્તમાન ટેક્નોલોજી અને તેને લગતી રેફ્રિજરેસનની વાણિજય અને ઘરગથ્થું બાબતો, કોલ્ડ સ્ટોરેજ અને રેફ્રિજરેટેડ વૅરહાઉસિસ, વગેરેના જુદાજુદા વિભાગોની માહિતી આપવાનો હેતુ છે.

**ગ્લોબલ મોનટ્રિયલ પ્રોટોકોલ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ એવોર્ડ**

હાઈડ્રોક્લોરોફ્લોરોકાર્બન્સ અથવા હાઈડ્રોફ્લોરોકાર્બન્સના ગેરકાનૂની અથવા અનિચ્છનીય ધંધાને રોકવા બદલ કસ્ટમ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ વિભાગના અધિકારીઓને ધ ગ્લોબલ મોનટ્રિયલ પ્રોટોકોલ એવોર્ડ આપવાની પ્રથા દાખલ કરી છે.

**રેફ્રિજરેસન એન્ડ એર-કન્ડિશનિંગ સેક્ટરમાં મહિલાઓ**

'યુએન એન્વિરોન્મેન્ટ ઓઝોનએક્શન' તેમજ 'યુએન વિમેન' નામની બન્ને સંસ્થાઓએ સાથે મળીને આરએસી – રેફ્રિજરેસન તેમજ એર-કન્ડિશનિંગ ક્ષેત્રમાં કામ કરતી મહિલાઓના સદર સેક્ટરના અનુભવો અને ઘટનાનો સાર એકત્ર કરી રહેલ છે.

ઠંડા દિમાગે મોન્ટ્રિઅલ પ્રોટોકોલના અમલમાં આગેકૂચ કરવા માટે, ચાલો આપણે –

- ઓઝોન પડને ક્ષીણ કરતી માનવ પ્રવૃત્તિઓને અટકાવવામાં મદદરૂપ બનીએ.
- ઓઝોન પડની સુરક્ષા કાજે લોક જાગૃતિ માટે આપણે ઉત્તમ પ્રયાસો કરીએ.
- જુદીજુદી સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળીને પ્રસંગોચિત કાર્યક્રમો યોજીએ, જનજાગૃતિનું સાહિત્ય તૈયાર કરીએ.
- કોલ્ડ સ્ટોરેજ, અગ્નિશામક સાધનો, સ્પ્રે, વગેરેમાં યોગ્ય કૂલન્ટ્સ અને રેફ્રિજન્ટ્સ વાપરવા માટે તેમજ હાલમાં વપરાતા હાઈડ્રોફ્લોરોકાર્બન્સ અને ઓઝોન ડિપ્લિટિંગ સબસ્ટન્સિસના અન્ય મિશ્રણોનો ઉપયોગ ઘટાડવાની બાબતો પ્રકાશમાં લાવવા સૌને અનુરોધ કરીએ.
- હાઈડ્રોફ્લોરોકાર્બન્સ અને ઓઝોન ડિપ્લિટિંગ સબસ્ટન્સિસને તબક્કાવાર બંધ કરતા તંત્રને સહયોગ કરીએ.
- વૉટ્સએપ, ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ તેમજ અન્ય સોશિઅલ મીડિયા સાઈટ્સ મારફતે વિશ્વ ઓઝોનદિનના વિષયવસ્તુ કે થીમનો પ્રચાર કરીએ.

**મોબાઇલ એપ્સઃ**

ઓઝોનએક્શન સંસ્થાએ લોકોની જાણકારી માટે ચાર મોબાઈલ એપ્સ તૈયાર કર્યા છે.

૧) જીડબ્લ્યૂપી-ઓડીપી કેલ્ક્યૂલેટરઃ મોનટ્રિયલ પ્રોટોકોલ હેઠળ ગ્લોબલ વૉર્મિંગ પોટેન્સિયલ તેમજ ઓઝોન ડિપ્લિટિંગ સબસ્ટન્સિસના ડેટાના અહેવાલો સમજવામાં આ એપ્સ મદદરૂપ છે.

૨) વૉટ ગેસ? કોઈપણ ચોક્કસ રેફ્રિજન્ટ્સ તેમજ અન્ય કેમિકલ્સની વિગતો જાણવાનું આ એપ્સ છે.

૩) આરએસી ટેક્નિસિઅન્સ વિડીઓ સિરીઝ : રેફ્રિજરેસન એન્ડ એરકન્ડિશનિંગ(આરએસી) સાધનોમાં ટેક્નિસિઅન્સની કુશળતા વધારવાનું એપ્સ છે.

૪) ઓઝોનએક્શન અવેર્નેશ મટિરિયલ્સઃ નેશનલ ઓઝોન યુનિટ તેમજ અન્ય હિતધારકોને મોનટ્રિયલ પ્રોટોકોલનો અમલ કરવામાં માર્ગદર્શક એપ્સ છે.

**- નરેશ ઠાકર**
**પૂર્વ પીઆરઓ, જીપીસીબી**